(101) "મનોવિજ્ઞાનમાંથી ચેતના, વ્યક્તિગત અનુભવ અને આંતરનિરીક્ષણ પદ્ધતિ વગેરેને બાકાત રાખવું જોઈએ" એમ કયા મનોવૈજ્ઞાનિકે કહ્યું હતું ?

(A) કાર્લરોજર્સ (B) ફેકનર (C) વૉટસન (D) સાયમન

(102) કયો અભિગમ માનવીનાં આંતરિક અનુભવો, જૂથક્રિયાઓ અને સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણને સમજવામાં નિષ્ફળ નીવડે છે ?

(A) જૈવિય અભિગમ (B) વાર્તનિક અભિગમ

(C) બોધાત્મક અભિગમ (D) માનવવાદી અભિગમ

(103) કોલકતા યુનિવર્સિટિ ખાતે 1905 માં સૌ પ્રથમ પ્રયોગશાળાની સ્થાપના કોણે કરી હતી ?

(A) એન.એન. સેનગુપ્તા (B) બોજેન્દ્રનાથ સીલ

(C) રાધાકમલ મુખર્જી (D) જે.પી. દાસ

(104) કયા અભિગમમાં વિચારણા, સ્મૃતિ, સમસ્યા ઉકેલ જેવા જટિલ પરિબળોને સમજવાનો પ્રયાસ થાય છે ?

(A) વાર્તનિક અભિગમ (B) માનવવાદી અભિગમ

(C) બોધાત્મક અભિગમ (D) મનોગત્યાત્મક અભિગમ

(105) કઈ પદ્ધતિમાં વ્યક્તિ 'સાચું' કહે છે કે 'સારું' તે જાણી શકાતુ નથી ?

(A) કુદરતી નિરિક્ષણ પદ્ધતિ (B) આંતરનિરિક્ષણ પદ્ધતિ

(C) ક્ષેત્ર નિરિક્ષણ પદ્ધતિ (D) સહભાગી નિરિક્ષણ પદ્ધતિ

(106) પ્રયોગ દરમિયાન પ્રયોગકર્તાની કોઈ પણ અંગત માન્યતા, મનોવલણ અને પૂર્વગ્રહ વગરનું નિરીક્ષણ એટલે શું ?

(A) વસ્તુલક્ષીતા (B) નિયંત્રણ

(C) પરિવર્તન (D) પ્રામાણિકતા

(107) કઈ પદ્ધતિને અનુપ્રસ્થ છેદીય અભ્યાસ પદ્ધતિ પણ કહે છે ?

(A) સમકાલીન પદ્ધતિ (B) દીર્ઘકાલીન પદ્ધતિ

(C) વ્યક્તિ ઈતિહાસ પદ્ધતિ (D) તુલનાત્મક નિરિક્ષણ પદ્ધતિ

(108) કસોટીનાં પરિણામોમાં સાતત્ય કે સુસંગતતા એટલે...

(A) વસ્તુલક્ષિતા (B) યથાર્થતા

(C) પ્રમાણિતતા (D) વિશ્વસનીયતા

(109) "જીવંત પ્રાણીના વિવિધ અંગ-ઉપાંગોનો સંપૂર્ણ વિકાસ સિદ્ધ કરવાની કુદરતી પ્રક્રિયા એટલે..."

(A) વૃદ્ધિ (B) વિકાસ

(C) પરિપકવતા (D) ક્ષમતા

(110) "સમગ્ર દેહ તંત્રમાં થતો ફેરફાર એ વિકાસ છે." આ વિકાસની પરિભાષા કોની છે ?

(A) ક્રો અને ક્રો (B) સ્કીનર

(C) ઈલીઝાબેથ હરલોક (D) ફ્રેન્ડ

(111) મગજસ્કંધની ટોચ પર ચેતાકોષોના ઝુમખાનો બનેલો પિંડ આકારનો અવયવ કયા નામે ઓળખાય છે ?

(A) સીમાવર્તી તંત્ર (B) નાનુ મગજ (C) ચેતાસેતુ (D) થેલેમસ

(112) અંતઃસ્રાવી ગ્રંથિઓનું નિયમન કોના દ્વારા થાય છે ?

(A) થેલેમસ (B) કરોડરજ્જુ

(C) મગજસ્કંધ (D) હાયપોથેલેમસ

(113) એરિક એરિકસનનો જીવનવિકાસ તબક્કાનો સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકના ખ્યાલો પર આધારિત છે ?

(A) જિન પિયાજે (B) ફ્રોઇડ

(C) સ્કીનર (D) ક્રો અને ક્રો

(114) મગજના ચાર ખંડોમાનું નિમ્ન ખંડ તે...

(A) વિચારણા, આયોજિત અને નિર્ણય પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે.

(B) સાંવેદનિક સંદેશાઓનું નિયંત્રણ કરે છે.

(C) દૃષ્ટિના કેન્દ્રનું નિયંત્રણ કરે છે.

(D) વાણી અને શ્રવણ પ્રતિક્રિયાઓનું નિયંત્રણ કરે છે.

(115) શારીરિક તંત્ર અને સ્વયંસંચાલિત ચેતાતંત્ર એટલે...

(A) અનુકંપી તંત્ર (B) પરાનુકંપી તંત્ર

(C) પરિઘવર્તિ ચેતાતંત્ર (D) સીમાવર્તી તંત્ર

(116) જૂના મગજ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) નાનુ મગજ (B) સીમાવર્તી તંત્ર

(C) મગજ સ્કંધ (D) મોટુ મગજ

(117) માત્ર નિરિક્ષણ કરી શકાય તેવા વર્તનનો જ મનોવિજ્ઞાને અભ્યાસ કરવો જોઈએ તેવી વર્તનવાદીઓની જિદ ને કારણે કયા સમય ગાળામાં બોધાત્મક મનો વિજ્ઞાનના વિકાસને વેગ મળ્યો ?

(A) 1950 (B) 1952 (C) 1975 (D) 1990

(118) માનવમન અને કમ્પ્યૂટર પ્રોસેસિંગ સિસ્ટમ વચ્ચેની તુલનાના પ્રણેતા કોણ છે ?

(A) કસિન (B) સેન્ટ્રોક (C) ન્યુમેન (D) હર્બટ સિમોન

(119) ‘‘અમુક નિયમો અનુસાર લક્ષણોનું પરસ્પર મિલન કે ગોઠવણ એટલે સંકલ્પના’’ આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) વોરેન (B) સેન્ટ્રોક

(C) હુલ્સ, ઇગેથ અને ડીજ (D) સિલ્વરમેન

(120) કોના મતે ‘‘સામાન્ય અર્થમાં તર્કક્રિયા એ એક પ્રકારની તાર્કિક અને સુસંગત વિચારણા છે ?’’

(A) રેબર (B) વૉરેન (C) સિકારેલી અને મેયર (D) સેન્ટ્રોક

(121) બોધાત્મક મનોવૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવેલ માહિતી પ્રક્રિયાકરણનું મૉડલ શેના પર આધારીત છે ?

(A) કમ્પ્યૂટર સાદ્રશયતા (B) કમ્પ્યૂટર સિસ્ટમ (C) કમ્પ્યૂટર સૉફ્ટવેર (D) કમ્પ્યૂટર હાર્ડવેર

(122) લાંબાગાળાની સ્મૃતિના ત્રણ પ્રકારો કોણે પાડ્યા છે ?

(A) એબિંગ હોસ (B) મિલ્ટન

(C) મુલર (D) ટુલવિંગ

(123) પ્રાથમિક શાળામાં કયા શિક્ષક આપણને વધુ રમાડતા હતા કે કયા શિક્ષક વધુ લેશન આપતા હતા તે આજ સુધી યાદ રહેવાનું કારણ કઈ સ્મૃતિ છે ?

(A) અર્થાત્મક (B) ઘટનાત્મક (C) રીતિલક્ષી (D) સાંવેદનિક

(124) મનોવૈજ્ઞાનિક વાયોગોત્સકી કયા દેશના છે ?

(A) ચીન (B) જાપાન (C) રશીયા (D) દક્ષીણ કોરીયા

(125) પહેલા તાસમાં મનોવિજ્ઞાન શીખ્યા હોઈએ અને બીજા તાસમાં સમાજશાસ્ત્ર શીખીએ તો સમાજશાસ્ત્રના શિક્ષણને કારણે મનોવિજ્ઞાનના શિક્ષણની બાબતો આપણને ઓછી યાદ રહે આ ઘટનાને શું કહેવાય ?

(A) અનુક્રિયા અવરોધ (B) સ્મૃતિ સુધારણા (C) પૂર્વક્રિયા અવરોધ (D) અર્થાત્મક અવરોધ

(126) કોના મતે "ભાષા વિચારનાં વિષય વસ્તુને નક્કી કરે છે"

(A) બૅન્જામિન લી વ્હોર્ઈ (B) ચોમસ્કી (C) વાયોગ્ત્સકી (D) જિન પિયાજે

(127) ગ્રીક વૈદ્ય હિપોક્રિટસના મતે રક્ત પ્રભાવ વાળી વ્યક્તિ કેવી હોય છે ?

(A) સક્રિય અને આનંદી હોય છે. (B) સુસ્ત હોય છે.

(C) ઉદાસ હોય છે. (D) ઉત્તેજનશીલ અને ક્રોધી હોય છે.

(128) ઓલપોર્ટ એ વ્યક્તિનાં અંગત ગુણોને તેમની અગત્યતા મુજબ પદક્રમ આપ્યો છે. તે મુજબ કયો ગુણ તેમણે આપ્યો નથી.

(A) અધિપતિ ગુણ લક્ષણ (B) કેન્દ્રગુણ લક્ષણ (C) શ્રેષ્ઠગુણ લક્ષણ (D) ગૌણગુણ લક્ષણ

(129) બાળકને 'દોડાદોડ ન કર' એમ કહીએ ત્યારે તેને ઈજા-અકસ્માતથી બચાવાનો અર્થ હોય છે, પણ પ્રૌઢ વ્યક્તિને 'દોડા દોડ ન કરો' કહીએ ત્યારે તેને તનાવ અને ચિંતાથી બચાવવાનો અર્થ હોય છે. અહીં પ્રત્યાયન પ્રક્રિયાનું કયું લખાણ / લક્ષણો જોવા મળે છે ?

(A) ગતિશિલતા (B) જટિલતા (C) તંત્રનું સ્વરૂપ (D) કાર્ય-કારણ સ્વરૂપ

(130) હરમન રો શૉર્કએ શાહીનાં ડાઘાની કસોટી ક્યારે વિકસાવી ?

(A) 1921 (B) 1931 (C) 1941 (D) 1951

(131) વાક્યપૂર્તિ કસોટીનો સૌ પ્રથમ ઉપયોગ કરનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?

(A) મોર્ગન અને મરે (B) રોઝનવીગ

(C) પાઈન અને ટન્ડલર (D) જર્સિલ્ડ

(132) કઈ કસોટી હતાશા અને આક્રમકતાના માપન માટે વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે ?

(A) રોઝનવીગની ચિત્ર વૈફલ્ય કસોટી (B) રોર્શાકની શાહીના ડાઘાની કસોટી

(C) વિષય અધિપ્રત્યક્ષ કસોટી (D) વાક્યપૂર્તિ કસોટી

(133) ડબલ્યુ.બી. કેનના ભૂખ વિશેનાં અભ્યાસમાં જોવા મળ્યું કે...

(A) ભૂખ લાગે છે ત્યારે જઠરમાં આકુંચન થાય છે.

(B) જઠરમાં આકુંચન થાય છે ત્યારે ભૂખ લાગે છે.

(C) જઠરમાં આકુંચન થાય છે ત્યારે ભૂખ લાગે છે, એવું નથી.

(D) જઠરમાં થતા આકુંચન અને ભૂખને કોઈ સંબધ નથી.

(134) 1964 માં રેન્ડી ગાર્ડનર નામની વ્યક્તિ 'ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ' માં સ્થાન મેળવવા કેટલા કલાકો સતત જાગતો રહેલો ?

(A) 364 કલાક (B) 264 કલાક (C) 164 કલાક (D) 64 કલાક

(135) અમેરીકાના રાષ્ટ્રીય સર્વે મૂજબ હાઈ-વે પર થતા અકસ્માતો ડ્રાઈવરોની ઓછી ઉંઘને કારણે હોય છે, જેમાં દિવસ કરતા રાત્રીના અકસ્માતોનું પ્રમાણ ............

(A) બે-ગણુ હોય છે. (B) ચાર ગણુ હોય છે. (C) આઠ ગણુ હોય છે. (D) દસ ગણુ હોય છે.

(136) કોના મતે "જોખમ ખેડનાર, આર્થિક ક્ષેત્રને ઘડનારા સંચાલકો સિદ્ધિની પ્રેરણાને કારણે જ કાર્યકરતાં હોય છે, તેઓ નફા કે ધનની ઈચ્છાને બદલે માત્ર સફળતાની ઈચ્છાથી કાર્ય કરે છે."

(A) મેક્ડુગલ (B) મેકલે લેન્ડ (C) મેસ્લો (D) મોર્ગન અને મરે

(137) સિદ્ધિની પ્રેરણા ધરાવતી વ્યક્તિઓમાં નીચે મુજબનાં લક્ષણોની ભાત જોવા મળે છે. જેમાં એક લક્ષણ ભાત સુસંગત નથી તે જણાવો.

(A) જટિલ કાર્યોને બદલે સરળ કાર્યની પસંદગી

(B) સરળ કાર્યને બદલે જટિલ કાર્યોની પસંદગી

(C) બદલાની અપેક્ષા વગર કાર્યપરિપૂર્ણતા પ્રત્યે ધ્યાન

(D) વ્યક્તિગત જવાબદારીઓનો સ્વીકાર કરી લક્ષ્ય તરફ પ્રગતિ

(138) આંખના સફેદ ભાગમાં વચ્ચે દેખાતો કાળો, ભૂખરો કે માંજરો ભાગ જેના રંગના કારણે આંખનો રંગ દેખાય છે તેને શું કહેવાય ?

(A) કીકી (B) કૃષ્ણ મંડળના સ્નાયુઓ

(C) દક્પટલ (D) નેત્રમણિ

(139) કુંવારા છોકરા છોકરીઓ લગ્નવિષયક અને નોકરી મેળવવા ઈચ્છતાં નોકરીની જાહેરાતો વાંચવા તરફ આકર્ષાય છે આ બાબતને ધ્યાનના કયા લક્ષણ સાથે સમજી શકાય ?

(A) ધ્યાન પસંદગી યુક્ત પ્રક્રિયા છે. (B) ધ્યાન શોધનાત્મક છે.

(C) ધ્યાન ભવિષ્યલક્ષી છે. (D) ધ્યાન પ્રેરણાત્મક છે.

(140) "શારીરિક, મનોવૈજ્ઞાનિક કે ઔષધિય માધ્યમ દ્વારા સર્જાયેલી જાગ્રત કરતાં ભિન્ન એવી ચેતનાની અવસ્થા એટલે ચેતનાની બદલાયેલી અવસ્થા છે." આ વ્યાખ્યા કોણે આપી ?

(A) ટાર્ટ (B) લુડવિંગ

(C) વિલિયમ જેમ્સ (D) મહર્ષિ મહેશ યોગી

(141) કયા કોષોના ઉત્તેજાવાથી દષ્ટિસંવેદનનો અનુભવ થાય છે ?

(A) સૂક્ષ્મ વાળ કોષો (B) રંગસૂત્રો (C) સળી - શંકુ કોષો (D) ચેતા કોષો

(142) ધ્યાનની જનની તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) શિક્ષણ (B) જરૂરિયાત (C) ટેવ (D) રસ

(143) વ્યક્તિના શ્રવણ સંવેદનની સીમા જણાવો ?

(A) 20 થી 20,000 (B) 50 થી 50,000 (C) 19 થી 20,000 (D) 22 થી 22,000

(144) ''જેના દ્વારા આપણે પદાર્થોને તેમના યથોચિત સ્વરૂપમાં ઓળખીએ છીએ તેને પ્રત્યક્ષી કરણ કહે છે'' એ વ્યાખ્યા કયા મનોવૈજ્ઞાનિકે પરિભાષિત કરેલ છે ?

(A) કોલીન્સ અને ડ્રેવર
(B) વેક્સલર
(C) એચ. ઈ. ગેરેટ
(D) હિમગાર્ડ, ઍટકિન્સન અને એટકિન્સન

(145) ચિત્રકારો અને નાટ્યનિર્દેશકો દૂરના અંતર માટે કયા સંકેતનો ઉપયોગ કરે છે ?

(A) વાયુગત પારદર્શન
(B) પ્રકાશ અને છાયા
(C) અંતઃસ્થિતિ
(D) સપાટીની તરેહ અને ઢાળ

(146) ધ્યાન જે બાબત પ્રત્યે ખેંચાય તેનું પૂર્ણ શોધન કરવાનું વલણ વ્યક્તિ ધરાવે છે. તેના માટે ધ્યાનનું કયું લક્ષણ જવાબદાર છે ?

(A) ધ્યાન પ્રેરણાત્મક છે.
(B) ધ્યાન પસંદગીયુક્ત પ્રક્રિયા છે.
(C) ધ્યાન ભવિષ્યલક્ષી છે.
(D) ધ્યાન શોધનાત્મક છે.

(147) કીડીનું પોતાના માટે ખોરાકના કણને ખેંચી જવું એ કયા પ્રકારનું શિક્ષણ કહેવાય ?

(A) અનૌપચારિક શિક્ષણ
(B) ઔપચારિક શિક્ષણ
(C) કારક શિક્ષણ
(D) પ્રયત્ન અને ભૂલનું શિક્ષણ

(148) એકથી સવા વર્ષનો મયંક કાને મોબાઈલ ફોન રાખી વાતો કરતો જોવા મળે છે તે કયા પ્રકારનું શિક્ષણ કહેવાય ?

(A) કારક અભિસંધાન શિક્ષણ
(B) પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણ
(C) અભિસંધાન દ્વારા શિક્ષણ
(D) સામાજિક શિક્ષણ

(149) અભિસંધાન દ્વારા શિક્ષણ એ કયા વાદ ઉપર આધારિત છે ?

(A) સમષ્ટિવાદ
(B) રચનાવાદ
(C) સાહચર્યવાદ
(D) મનોવિશ્લેષણવાદ

(150) થોર્નડાઇકના પ્રયોગમાં બિલાડીને પ્રથમ દિવસે સમસ્યાપેટીમાંથી બહાર નિકળતા કેટલો સમય લાગ્યો ?

(A) 160 સેકન્ડ (B) 110 સેકન્ડ (C) 150 સેકન્ડ (D) 158 સેકન્ડ

(151) અન અભિસંધિત ઉદ્દીપક સાથે વારંવાર જેને રજૂ કરવાથી અન અભિસંધિત પ્રતિક્રિયા જેવી પ્રતિક્રિયા ઉત્પન્ન કરાવી શકે તે ઉદ્દીપકને શું કહે છે ?

(A) અભિસંધિત પ્રતિક્રિયા
(B) અભિસંધિત ઉદ્દીપક
(C) અન અભિસંધિત ઉદ્દીપક
(D) અન અભિસંધિત પ્રતિક્રિયા

(152) ''દૂધનો દાઝ્યો છાશ ફૂંકી ફૂંકીને પીવે'' એ કહેવત કયા શિક્ષણનું ઉદાહરણ છે ?

(A) ઉદ્દીપક ભેદબોધન
(B) ઉદ્દીપક સામાન્યીકરણ
(C) ઉદ્દીપક વિલોપન
(D) અભિસંધિત પ્રતિક્રિયા

(153) કારક અભિસંધાનના પ્રયોગમાં પ્રથમ અન્નગુટિકા ઉંદરને ક્યારે પ્રાપ્ત થઈ ?

(A) 10 મિનિટ પછી (B) 14 મિનિટ પછી (C) 15 મિનિટ પછી (D) 20 મિનિટ પછી

(154) પૂર્વ અનુભવ વગર આંતરસૂઝનો વિકાસ થતો નથી આ મત કયા મનોવૈજ્ઞાનિકનો છે ?

(A) હાર્લો (B) કોહલર (C) સ્કિનર (D) થોર્નડાઈક

(155) બાળલગ્ન અને દહેજ પ્રથા જેવા સામાજિક રીત રિવાજોને દૂર કરવાના આપણા અથાક પ્રયત્નો છતાં કયા મનોવલણીય પરિબળને કારણે આપણે આવી પ્રથાઓથી સંપૂર્ણ મુક્ત થઈ શક્યા નથી ?

(A) મનોવલણની પ્રબળતા (B) મનોવલણની અગત્યતા

(C) મનોવલણની જટિલતા (D) મનોવલણની ઉપયોગીતા

(156) વ્યક્તિમાં રહેલી બુદ્ધિક્ષમતાનું માપન કરવા માટેનું સૌ પ્રથમવાર સૂત્ર ક્યારે આપવામાં આવ્યું ?

(A) 1920 (B) 1912 (C) 1936 (D) 1915

(157) મનોભાર સામે આપવામાં આવતી શારીરિક પ્રતિક્રિયાનું ઉદ્‌ગમસ્થાન કયું છે ?

(A) સ્વયંસંચાલિત ચેતાતંત્ર (B) મસ્તિષ્ક ગ્રંથિ (C) એડ્રિનલ ગ્રંથિ (D) હાયપોથેલેમસ

(158) કયા પ્રકારની બુદ્ધિમાં અમૂર્ત અને વિશ્લેષણાત્મક રીતે વિચારવાની શક્તિ રહેલી હોય છે ?

(A) અનુભવજન્ય બુદ્ધિ (B) સંદર્ભગત બુદ્ધિ (C) ઘટકીય બુદ્ધિ (D) અવકાશીય બુદ્ધિ

(159) બુદ્ધિમાં કુલ 150 ઘટક હોય છે, કયા મનોવૈજ્ઞાનિકનો મત છે ?

(A) સ્પિઅરમેન (B) ગિલ્ફર્ડ (C) જે.પી. દાસ (D) સ્ટર્નબર્ગ

(160) રાજનેતાઓ, ધર્મગુરુઓ, શિક્ષકો વગેરેમાં કયા પ્રકારની બુદ્ધિ વિશેષ જોવા મળે છે ?

(A) તાર્કિક - ગાણિતિક બુદ્ધિ (B) ભાષાકીય બુદ્ધિ

(C) અવકાશીય બુદ્ધિ (D) આંતરવૈયક્તિક બુદ્ધિ

(161) કોના દ્વારા ભાષા અને સાંસ્કૃતિક અસરથી મુક્ત બુદ્ધિ કસોટી રચવામાં આવી ?

(A) ટર્મન (B) રેવન (C) વૅક્સલર (D) કોફમેન

(162) કંઠગ્રંથિમાંથી ઝરતા થાઈરોકિસન નામના અંતઃસ્ત્રાવની ઉણપને કારણે કઈ મનોદુર્બળતા જન્મે છે ?

(A) ફેનિલપ્યુરિવિક ઓલિગ્રોફેનિયા (B) ઓટિઝમ

(C) મનોદૈહિક વિકૃતિઓ (D) ક્રેટિનિઝમ

(163) સામાજિક રીત-રિવાજો, મૂલ્યો, ધોરણો, વિચારસરણી આત્મસાત કરવાની પ્રક્રિયાને શું કહે છે ?

(A) સામાજિભિમુખતા (B) પૂર્વગ્રહ

(C) મનોવલણ (D) સામાજિકરણ

(164) આંતરવૈયક્તિ સંબંધો, કાર્યકતૃત્વ તેમજ શારીરિક માનસિક સ્વાસ્થ પર કયા પ્રદુષણની નિષેધક અસરો જોવા મળે છે ?

(A) ભીડ/ગીચતાનું પ્રદુષણ (B) હવાનું પ્રદુષણ

(C) ઘોંઘાટનું પ્રદુષણ (D) પર્યાવરણીય પ્રદુષણ

(165) મનોવલણ જન્મજાત નહીં પરંતુ કેવા હોય છે ?

(A) કાયમી (B) સંપાદિત (C) અપેક્ષિત (D) અનિવાર્ય

(166) કોઈ સંસ્થાનો એક વ્યવસ્થાપક જે નિશ્ચિત સંખ્યાના કર્મચારીનું અસરકારણ અને કાર્યલક્ષી પર્યવેક્ષણ કરી શકે તેને શું કહેવાય ?

(A) કેન્દ્રીકરણ (B) નિયંત્રણ વિસ્તાર (C) કાર્ય વિશિષ્ટકરણ (D) ઔપચારિકરણ

(167) કોના મતાનુસાર મનોભારજન્ય પરિસ્થિતિ 'લડો અથવા ભાગી છૂટો'ની પ્રતિક્રિયા જન્માવે છે ?
(A) લેઝારસ (B) સારાસન અને સારાસન
(C) વૉલ્ટર કેનન (D) કોલમેન

(168) કોના મતે 'વ્યક્તિગત સુખાકારીની બાબતમાં, ખરાબ લગ્નજીવન એ લગ્નજીવન ન હોવા કરતાંય ખરાબ છે ?'
(A) રોજર્સ (B) પીટરસન (C) સેલિગમેન (D) માયર્સ

(169) લક્ષ્ય પ્રાપ્તિના માર્ગમાં આવતા અવરોધોના કારણે લક્ષ્ય સુધી ન પહોંચી શકવાના કારણે ઊભી થતી માનસિક પરિસ્થિતિ એટલે શું ?
(A) હતાશા (B) મનોભાર (C) સંઘર્ષ (D) દબાણ

(170) મનોવિજ્ઞાનની એક શાખાને વિધાયક મનોવિજ્ઞાન એવું નામ કોણે આપ્યું ?
(A) વિક્ટર ફ્રેન્કલ (B) રોજર્સ (C) માર્ટિન સેલિગમેન (D) અબ્રાહ્મ મેસ્લો

(171) આવેગાત્મક મનોભાર અને પીડામાં રાહત આપતી આંતરિક સહજ પ્રતિક્રિયા કઈ છે ?
(A) હસવુ (B) રુદન (C) ચાલવુ (D) દોડવુ

(172) વિકસતી વિદ્યાશાખા તરીકે વિધાયક મનોવિજ્ઞાનના બે ધ્યેયો કોણે આપ્યા ?
(A) શેલ્ડન અને કિંગ (B) અબ્રાહ્મ મેસ્લો
(C) બોમગાર્ડનર અને ક્રોથર્સ (D) ગેબલ અને હેઈટ

(173) ચિંતાની વિકૃતિ માટે કયા રસાયણમાં થયેલ ફેરફારો જવાબદાર છે ?
(A) ગાબા (B) સીરોટોનીન (C) એપીનેફ્રીન (D) ડોયામાઈન

(174) બિનશાબ્દિક સંકેતોને પારખવામાં કોણ વધુ કુશળ જોવા મળે છે ?
(A) કંઈ કહી ન શકાય (B) બંને સરખા (C) પુરુષ (D) સ્ત્રીઓ

(175) મનોજાતીય વિકાસની અવસ્થામાં 6 થી 12 વર્ષની ઉંમરમાં કઈ અવસ્થા જોવા મળે છે ?
(A) લિંગ અવસ્થા (B) જનનેન્દ્રિયાવસ્થા (C) સુષુપ્તાવસ્થા (D) ગુદાવસ્થા

(176) જે સંરચનામાં એક જ વ્યક્તિ મોટા ભાગના અધિકારો ધરાવતી હોય તે કયા પ્રકારની સંરચના કહેવાય ?
(A) અમલદાર શાહી સંરચના (B) સપાટ સંરચના
(C) સમચોરસીય સંરચના (D) ઔપચારીક સંરચના

(177) શબ્દોના ઉચ્ચારણની અને સમજવાની મુશ્કેલી કઈ મનોવિકૃતિમાં જોવા મળે છે ?
(A) દ્વિધ્રુવીય વિકૃતિ (B) ધ્યાનન્યૂનતા (C) ડિસ્લેક્ષીયા (D) આત્મરત વિકૃતિ

(178) કર્મચારી રજાઓ ન પાડે તો જમા રજાઓના રોકડા રૂપિયા મળે, તેમાં કાર્યપ્રેરણાનો કયો સિદ્ધાંત આવે ?
(A) અપેક્ષા આધારિત સિદ્ધાંત (B) પ્રબલનનો સિદ્ધાંત
(C) જરૂરિયાતનો સિદ્ધાંત (D) ધ્યેય નિર્ધારણ સિદ્ધાંત

(179) તાર્કિક ભાવાત્મક ઉપચાર પદ્ધતિ કોણે આપી ?
(A) કાર્લ રોજર્સ (B) એરોન બેક (C) આલ્બર્ટ એલિસ (D) બ્લોચર

(180) દર્દીને આરામદાયક સ્થિતિમાં બેસાડી તેના મનમાં આવતા તમામ વિચારોને કોઈ પણ જાતના ભય કે સંકોચ વિના અભિવ્યક્ત કરવાનું કહેવામાં આવે છે તે પદ્ધતિ કઈ છે ?

(A) પ્રતિક વિનિમય પદ્ધતિ (B) મુક્ત સાહચર્ય પદ્ધતિ

(C) સ્વાનુભૂતિ પદ્ધતિ (D) સ્વપ્ન અર્થઘટન પદ્ધતિ

(181) જીવનની સમસ્યાઓમાંથી મુક્ત થવા બાલ્યાવસ્થા તરફ જવાની પ્રવૃત્તિને શું કહે છે ?

(A) નિવર્તન (B) પલાયન (C) બચાવપ્રયુક્તિ (D) પરાગતિ

(182) મનોદૈહિક બીમારી માટેના ઉપચારોમાં કયો એક ઉપચાર સુસંગત નથી ?

(A) પ્લેસિબો (B) હાસ્ય અને રમૂજવૃત્તિ

(C) વિટામીન-ડી (D) સંમોહન ઉપચાર પદ્ધતિ

(183) ભ્રમ એટલે શું ?

(A) ઉદ્દીપકની તિવ્રતાને કારણે થતું પ્રત્યક્ષીકરણ

(B) મિથ્યા પ્રત્યક્ષીકરણ

(C) ઉદ્દીપકની હાજરી વગર થતુ પ્રત્યક્ષીકરણ

(D) ઉદ્દીપકની હાજરી અને ગેરહાજરી બંનેમાં થતું પ્રત્યક્ષીકરણ

(184) કેના મતે "વ્યક્તિના શરીર, મન અને આત્મામાં જે કંઈ શ્રેષ્ઠ છે એને બહાર લાવવાની પ્રક્રિયાને કેળવણી કહે છે."

(A) વીનોબાભાવે (B) કે.કા. શાસ્ત્રી (C) મનુભાઈ પંચોલી (D) ગાંધીજી

(185) વિદ્યાર્થીઓ ભૂતકાળની સમસ્યાઓ પરથી વર્તમાનની સમસ્યાઓના ઉકેલ આપી શકે એ કયા પ્રકારનો હેતુ છે ?

(A) સામાન્ય હેતુ (B) વિશિષ્ટ હેતુ

(C) અપેક્ષિત વર્તન પરિવર્તન (D) અસામાન્ય હેતુ

(186) માઈક્રો અધ્યાપનનો ખ્યાલ આપનાર સૌ પ્રથમ વ્યક્તિ કોણ હતા ?

(A) એલન હવાઈટ (B) એલન ઈવ (C) મેરેના (D) કેલન બેક

(187) કોના મતે "જ્યારે કોઈ ઉદ્દીપક વ્યક્તિની સામે અમુક સમય સુધી રાખ્યા બાદ તેને હટાવી લેવામાં આવે તો અમુક સમય સુધી તેની અસર ચેતાતંત્રમાં રહે છે. આ અસરને ઉદ્દીપક ચિન્હ કહે છે."

(A) સમષ્ટિવાદનાં પ્રણેતાઓ (B) વર્તનવાદનાં પ્રણેતાઓ

(C) મનોગત્યાત્મકવાદનાં પ્રણેતાઓ (D) બોધાત્મક અભિગમનાં પ્રણેતાઓ

(188) જ્યારે આપણે ઇંટની બનેલી કોઈ ઉંચી ઈમારતની દીવાલ જોઈએ ત્યારે અંતરમાં વૃદ્ધિ થવાને લીધે ઈંટો અધિક ગીચ દેખાય છે, આ સંકેતને શું કહેવાય ?

(A) રેખાત્મક સાપેક્ષ દર્શન (B) વાતાવરણનું સાપેક્ષ દર્શન

(C) પ્રકાશ અને છાયા (D) વિસ્તૃત સાપેક્ષ દર્શન

(189) "કોઈ વ્યક્તિને પૂછવામાં આવે કે 5 ને 2 વડે ગુણવામાં આવે તો શું જવાબ આવે ? તો આ પ્રશ્નનો ઉત્તર આપવામાં થતા ચિંતનને કયા પ્રકારનું ચિંતન કહે છે ?"

(A) કેન્દ્રાભિસારી ચિંતન (B) વિકેન્દ્રી ચિંતન

(C) મૂલ્યાંકનાત્મક ચિંતન (D) સામાન્ય વિચાર ચિંતન

